# બી.એડ. પ્રવેશ નોટીસ
## મેરીટ યાદી તથા પ્રવેશ કાર્યવાહીની તારીખો

વર્ષ ૨૦૨૧ – ૨૨ માં B.ED. ના ફોર્મ ભરનાર તમામ વિદ્યાર્થીઓનું પ્રોવીઝનલ મેરીટ તા.૧૫/૧૦/૨૦૨૧ ના રોજ કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવશે જો આપના મેરીટમાં ભુલ જણાય તો તા.૧૮/૧૦/૨૦૨૧ ના રોજ યુનિવર્સિટીનો સંપર્ક કરવો.ત્યારબાદ આપના મેરીટમાં કોઈ પણ ભૂલ રહી જશે તો તેની તમામ જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે. જે વિદ્યાર્થીઓએ ઓનલાઈન ભરેલ ફોર્મ કે જેમણે ફોર્મ ફી પણ ભરેલ હોય અને હજુ સુધી ફોર્મ જમા કરાવેલ ન હોય તેવા તમામ વિદ્યાર્થીઓ પણ ૧૮/૧૦/૨૦૨૧ સુધી કચ્છ યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં. ૧૧૪માં સવારે ૧૧ થી ૨ અને બપોરે ૩ થી ૪ ની વચ્ચે ફોર્મ જમા કરાવી શકશે. તા. ૨૦/૧૦/૨૦૨૧ ના રોજ ફાઈનલ મેરીટ યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવશે તથા **તા. ૨૧/૧૦/૨૦૨૧ ના રોજ સવારે ૯:૦૦ કલાકે યુનિવર્સિટી લાયબ્રેરી ખાતે પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે જેમાં વિદ્યાર્થીઓએ જાતે હાજર રહેવું ફરજીયાત છે**. બી.એડ્. સેલ્ફ ફાયનાન્સ કોલેજોની સત્ર દીઠ ફી રૂા. ૧૫૦૦૦/– છે જે એડમિશન સમયે ચુકવવાની રહેશે. પ્રવેશ માટે આવતા તમામ વિદ્યાર્થીઓએ માસ્ક પહેરવું ફરજીયાત છે તથા સાથે સેનેટાઈઝર રાખવું હિતાવહ છે.

| **ક્રમ** | **અભ્યાસક્રમ** | **ફાઈનલ મેરિટ યાદી બહાર પાડવાની તારીખ** | **પ્રવેશ કાર્યવાહીની તારીખ , સમય , સ્થળ** | **પ્રવેશ સમયે લાવવાની થતી પ્રથમ સત્રનીફી** |
|---|---|---|---|---|
| ૧ | બી.એડ્. (સેલ્ફ ફાયનાન્સ) | ૨૦/૧૦/૨૦૨૧ | તા. ૨૧/૧૦/૨૦૨૧ સવારે ૯:૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી લાયબ્રેરી ખાતે | ૧૫૦૦૦/– |

ઉપરોકત તારીખે જે તે વિષય માં ફોર્મ ભરનાર તમામ વિદ્યાર્થીઓએ ઉપરોકત વિગતે દર્શાવેલ પ્રથમ સત્રની ફી ની રકમ રોકડમાં જમા કરાવવાની રહેશ. પ્રવેશ સમયે તમામ અસલ માર્કશીટો તથા પ્રમાણપત્રો સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં વિદ્યાર્થીએ જાતે જ હાજર રહેવું. જે વિદ્યાર્થી આ તારીખે અને સમયે હાજર નહી રહે તે વિદ્યાર્થીને પ્રવેશ લેવો નથી તેમ સમજવામાં આવશે.

**સુચનાઓ:–**

(૧) પ્રવેશ માટે આવનારા ઉમેદવારોને પ્રવેશ મળવાની માત્ર સંભાવના છે. પ્રવેશ મળશે જ એમ માનવું નહિં કારણ કે કુલ બેઠકો કરતા કેટલાક ગણા વધુ ઉમેદવારોને બોલાવામાં આવેલ છે. એટલે પ્રવેશ ન મળે તો તે અંગે કોઈ મૌખિક/લેખિત ફરિયાદ સાંભળવામાં આવશે નહિ.

(૨) પ્રવેશ મળ્યા બાદ પ્રવેશ કોઈપણ સંજોગોમાં રદ થઈ શકશે નહી. તેમજ અન્યત્ર તબદીલ પણ થઈ શકશે નહી, તેથી સંસ્થા અંગે ખુબ વિચારીને ઉપલબ્ધ જગ્યાઓના આધારે અંતિમ નિર્ણય લેવો.

(૩) પ્રવેશ સમયે ધોરણ – ૧૨ થી અનુસ્નાતક કક્ષા સુધીના તમામ મુળ ગુણ પત્રકો, મુળ શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા પછાત વર્ગના હોવાનાં મુળ પ્રમાણપત્રો ફરજિયાત લાવવાના રહેશે. અન્યથા પ્રવેશ મળશે નહિ.

(૪) SEBC ના ઉમેદવારોને પ્રવેશ સમયે ક્રિમીલેયર ( ઉન્નતવર્ગ) માં નથી આવતા તે મતલબનું તા.૧/૪/૨૦૧૯ પછીનું અદ્યતન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અન્યથા તેમનો પ્રવેશ રદ થવાને પાત્ર રહેશે. તેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહિ.

(૫) પ્રવેશં મેળવવા માટે ઉમેદવારોએ સમયસર સ્વખર્ચે અચુક હાજર રહેવું અને સાથે પોતાનું ઓળખકાર્ડ અચુક રાખવું. પ્રવેશ કાર્યવાહી વેળા ઉપસ્થિત ન હોય તેવા કોઈ પ્રવેશાર્થીની પ્રવેશ સબંધી કોઈ રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૬) અનામત કેટેગરીના વિદ્યાર્થી કે જે જનરલ કેટેગરીમાં દર્શાવેલ મેરીટ કરતા વધુ મેરીટ ધરાવતા હોય તો તેઓએ પણ અવશ્ય હાજર રહેવું.

(૭) વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવા ઉપરોક્ત વિગતે દર્શાવેલ પ્રથમ સત્રની ફી રોકડમાં જમા કરાવવાની રહેશે, જે વિદ્યાર્થીઓ ફી જમા નહિ કરાવે તેમને એડમિશન મળશે નહી.

**(૮) અધર યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓએ અત્રેથી એલીજીબિલીટી સર્ટિફીકેટ ઈસ્યુ કરાવવાનું રહે છે જે વિદ્યાર્થીઓએ અત્રેથી એલીજીબિલીટી સર્ટિફિકેટ ઈસ્યુ કરાવેલ ન હોય તેવા તમામ વિદાર્થીઓએ તા. ૧૮/૧૦/૨૦૨૧ સુધી એલીજીબિલીટી અત્રેથી ઈસ્યુ કરાવી લેવાનું રહેશે અન્યથા આપનું નામ પ્રવેશ યાદીમાં મુકવામાં આવશે નહી જેની નોંધ લેવી.**

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી,ભુજ**